**CMVR Rule 104 હેઠળ વાહનો પર રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવવા બાબત.**

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
બ્લોક નં.-૬, ૨જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ-સીઓટી/એમવીપી/રીફલેકટર્સ/ 4262
તારીખઃ- 6 JUL 2017

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારના નોટીફીકેશન નંબર- GSR784(E) dated. 12th November, 2008.

(૨) ભારત સરકારના નોટીફીકેશન નંબર- GSR291(E) dated. 24th April, 2014.

(3) અત્રેના પરિપત્ર ક્રમાંકઃ- એમવીપી/રીફલેકટર્સ/૫૯૧૭ તા. ૨૯.૧૨.૨૦૧૦.

(૪) અત્રેના પત્ર ક્રમાંકઃ-ડીએ/રીફલેકટર્સ/૫૯૪ તા. ૨૯.૧.૨૦૧૩.

(૫) ગુજરાત સરકારનું જાહેરનામા ક્રમાંક : PT/2016/02/MVD/102014/165/KH. તા. ૦૫-૦૨-૨૦૧૬

## પરિપત્ર

વર્ષ ૨૦૧૬ માં ગુજરાતમાં કુલ ૨૧,૮૫૯ માર્ગ અકસ્માતો થયેલ હતા, જેમાંથી કુલ ૮૧૩૭ વ્યક્તિઓ મૃત્યુ પામેલ એટલે કે આશરે દર કલાકે એક મૃત્યુ થાય છે.. ભારત દેશમાં દર કલાકે ૫૭ માર્ગ અકસ્માત થાય છે, જેમાંથી ૧૭ પ્રાણઘાતક હોય છે. મોટા ભાગના માર્ગ અકસ્માતો રાત્રિના સમયે થાય છે. રાત્રિનાં સમયે થતાં અકસ્માતો અટકાવવા પર ભાર મુકવો જરૂરી છે, એટલેકે વાહન ચાલક સામેના વાહનને દુરથી વધારે સારી રીતે જોઈ શકે તેમજ પાછળનાં વાહનનાં ચાલકને પણ આગળ જતું વાહન કેટલા અંતરે છે તેનો અંદાજ આવી શકે તે માટે કેંદ્ર સરકાર દ્વારા કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૧૦૪ માં મોટર વાહનો પર રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવવા બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે. જેની વિગતો Annexure - A પર છે.

વધતા જતા માર્ગ અકસ્માતોના કારણે ભારત સરકાર અને રાજ્ય સરકારો દ્વારા યોગ્ય પગલાઓ લેવાય તે માટે નામ. સુપ્રિમકોર્ટ સમક્ષ રીટ પીટીશન નં. 295/2012 ફાઇલ થયેલ તે અન્વયે નામ. સુપ્રિમકોર્ટ દ્વારા કેંદ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા લેવાતા માર્ગ સલામતીના પગલાઓની સમિક્ષા કરવા અને જરૂરી દિશાનિર્દેશો આપવા "સુપ્રિમકોર્ટ રોડસેફ્ટી કમિટી"ની રચના કરી છે. આ કમિટી ના અધ્યક્ષ નામ. સુપ્રિમકોર્ટ ના રીટાયર્ડ જજશ્રી છે. આ કમિટી દ્વારા અવાર નવાર અકસ્માત ઘટાડવા વિવિધ પગલા લેવા અને કાયદાની જોગવાઇઓનું ચુસ્ત

Scanned by CamScanner

અમલ કરવા દિશાનિર્દેશો આપવામાં આવે છે. કમિટી દ્વારા સમયાંતરે તમામ રાજ્યોના રીવ્યુ થાય છે અને સુપ્રિમ કોર્ટ સમક્ષ અહેવાલ રજૂ કરે છે. તા. ૧૯/૦૫/૨૦૧૭ રોજ કમિટીની ગાંધીનગર ખાતે થયેલ રીવ્યુ મીટીંગમાં વધુ નક્કર પગલાં લેવા ભાર મૂકવામાં આવેલ છે.

માર્ગ સલામતીના અત્રેના તા. ૨૯-૦૧-૨૦૧૩ ના પરિપત્રથી તા. ૧૫-૦૨-૨૦૧૩ પછી રીફલેક્ટર વગર રોડ ઉપર ઉપયોગમાં લેવાતા મોટર વાહન સામે કડક પગલાં લેવા સૂચના આપવામાં આવેલ. ૧૫.૦૨.૨૦૧૩ પહેલાના રજીસ્ટર્ડ થયેલ વાહનોમાં રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડવા ફરજીયાત હોવા છતાં મોટા પ્રમાણમાં તે વગરના વાહનો રોડ પર જોવા મળે છે, જે ગંભીર બાબત છે. અનુભવે એવું ધ્યાન પર આવેલ છે કે, રાજ્યની આર.ટી.ઓ. /એ.આર.ટી.ઓ. કચેરીઓ અને ચેકપોસ્ટ પર આ બાબતે વધુ ને વધુ અમલ કરવો જરૂરી છે. જેથી નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ નક્કર અહેવાલ રજૂ કરવા રાજ્ય સરકારને સાનુકૂળતા થાય.

આ માર્ગ અકસ્માતો ઘટાડવાના હેતુને પહોંચી વળવા કાયદાકીય જોગવાઈ મુજબના ધારા ધોરણો ધરાવતા અને સારી ગુણવત્તાવાળા રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લાગે તે જરૂરી છે. તેથી આ સંદર્ભમાં નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે:-

૧. CMVR Rule 104 મુજબ જે વાહનોમાં રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવવા પાત્ર છે તેની યાદી નીચે મુજબ છે.

૧) દ્વીચકી વાહનો

૨) ૩.૫ ટન સુધીનું જીવીડબલ્યુ ધરાવતાં માલ વાહક વાહનો(થ્રી વ્હીલર સહિત)

૩) ૩.૫ ટનથી ૭.૫ ટન સુધીના માલ વાહક વાહનો.

૪) ૭.૫ ટનથી વધુ વજનનાં ગુડઝ વાહનો.

૫) મોટર કાર, ઓમ્ની બસ તથા ૮ સુધીનાં મુસાફરો સમાવી શકતું મુસાફર વાહન.

૬) ૯ તથા ૯ થી વધુ મુસાફરો સમાવે શક્તું તેમજ ૫ ટન સુધીનું ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતું મુસાફર વાહન.

૭) ૯ તથા ૯ થી વધુ મુસાફરો સમાવી શકતું તેમજ ૫ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેઈટ ધરાવતું મુસાફર વાહન.

૯) એગ્રીકલ્ચરલ ટ્રેકટર

૧૦) પાવર ટીલર.

૧૧) ટ્રેઈલર જોડેલું પાવર ટીલર

૧૨) કન્સ્ટ્રકશન ઈક્વીપમેન્ટ વ્હીકલ

Scanned by CamScanner

૨. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ મુજબ રીફલેકટીવ ટેપ્સ AIS 090 અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ AIS 089 ના ધારાધોરણો ધરાવતી હોવી જોઇએ અને તે રાત્રીના સમયે વાહનના બધી તરફથી સ્પષ્ટ દ્રશ્યમાન હોવી જોઇએ. આ રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ નીચે દર્શાવેલ ટેસ્ટીંગ એજન્સીઓ પૈકીની કોઈપણ એક ટેસ્ટીંગ એજન્સીમાંથી Type Approval Certificate (TAC) / Conformity of Production (CoP) મેળવેલ ઉત્પાદક દ્વારા ઉત્પાદન કરાયેલ હોવી જોઇએ.

૧. એઆરએઆઈ, પુણે

૨. વીઆરડીઈ, અહેમદનગર

૩. સીઆઈઆરટી, પુણે

૪. આઈકેટ, માનેસર (હરિયાણા)

વધુમાં, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૧૦૪ મુજબ જે વાહનો ને રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડવા પાત્ર છે તેની વિગત Annexure – B માં દર્શાવેલ છે. તેમજ રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ ની specification Annexure – C માં દર્શાવેલ છે જેનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

3. ઉપરોકત કાયદાકીય જોગવાઈ મુજબના ધારાધોરણો /સ્પેશીફીકેશન ધરાવતા અને મોટરવાહન OEM ને રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ સપ્લાય કરતાં ઉત્પાદકોએ જ Type Approval Certificate (TAC)/ Conformity of Production (CoP) સર્ટીફિકેટ સાથે અરજી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવાની રહેશે.

૪. જે વાહનોમાં AIS 090 અને AIS 089 ધારાધોરણો ધરાવતા રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવેલ ન હોય તો તેવા વાહનોને ચેકીંગ કરી મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ કલમ ૧૯૦ (૨) મુજબ કાયદા ભંગ બદલ તેની સામે રૂા. ૧000/-ની વસુલાત કરવાની રહેશે.

૫. જે વાહનો પર ઉપરોકત ધારાધોરણો મુજબના રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવેલ ન હોય તેવા વાહનોને ફીટનેશ સર્ટીફીકેટ ઇશ્યુ કરવામાં આવશે નહી.

Scanned by CamScanner

૬. અધિકૃત ઉત્પાદક દ્વારા વાહનોમાં રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવ્યા બાદ વાહન માલિકને ઇન્સ્ટોલેશન સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનું રહેશે. વાહનના ફીટનેશ સમયે વાહન માલિક દ્વારા આ ઇન્સ્ટોલેશન સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે. વાહનના ફીટનેશ વખતે સંબંધિત આઇ.એમ.વી./એ.આર.ટી.ઓ. અથવા આર.ટી.ઓ. દ્વારા આ સર્ટીફિકેટની ખરાઇ કરવાની રહેશે. જે વાહનોમાં AIS 090 અને AIS 089 ધારાધોરણો ધરાવતા રીફલેકટર્સ , રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવેલ ન હોય તો તેવા વાહનોને ફિટનેશ સર્ટીફિકેટ આપવામાં નહી આવે.

૭. ફિટનેશ માટે રજુ થતા વાહનો પર જો રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડેલ ન હોય તો ફિટનેશ આપવું નહી તેમજ દંડનીય કાર્યવાહી કરવી અને રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડવાનું સુનિશ્ચિત થાય ત્યારબાદ જ ફિટનેશ આપવાનું રહેશે.

૮. ઉપર્યુક્ત કાયદાકીય જોગવાઈ મુજબ ચેકપોસ્ટ પરથી પસાર થતાં વાહનો પર રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાવવી ફરજીયાત છે.

૯. તે જ રીતે ફિટનેશ માટે રજુ થતા વાહનો પર જો રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડેલ ન હોય તો ફિટનેશ આપવું નહી તેમજ દંડનીય કાર્યવાહી કરવી અને રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ લગાડવાનું સુનિશ્ચિત થાય ત્યારબાદ જ ફિટનેશ આપવાનું રહેશે અને ડ્રાઈવીંગ ટેસ્ટ માટે લાવવામાં આવેલા વાહનો પર પણ તે લગાડ્યા પછી ટેસ્ટ આપી શકાશે.

૧૦. હલકી ગુણવત્તાવાળા રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ (દા.ત. ચાઈના ઉત્પાદીત અનઅધિકૃત રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ ) માન્ય રાખવામાં આવશે નહીં.

૧૧. જો મેન્યુફેક્ચર કંપની ભારત બહારની હોય તો તેની રજિસ્ટર્ડ ઓફિસ ભારતમાં હોવી જોઇએ.

૧૨. વાહનોમાં લગાવેલ રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ ની માહિતી ઉપલબ્ધ કરવાના હેતુસર MIS સિસ્ટમ તૈયાર કરી તેના સંપુર્ણ ઓનલાઈન એક્સેશ સાથે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવાનું રહેશે. જેને ચકાસી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા આ ઉત્પાદકની નોંધણી કરવામાં આવશે અને તેની જાણ તમામ RTO/ARTO/Checkpost Incharge શ્રીને કરવામાં આવશે.

Scanned by CamScanner

૧૯. તમામ RTO, ARTO, CP Incharge સંબંધિત MVI / AMVI દ્વારા ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને કરેલ કાર્યવાહીનો રીપોર્ટ દર રોજ COT શ્રીને મોકલવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>

(૧) તમામ આર.ટી.ઓ.શ્રી/ એ.આર.ટી.ઓ.શ્રી. ને જાણ તેમજ અમલવારી કરવા સારૂ.
(૨) તમામ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીને જાણ તેમજ અમલવારી કરવા સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો), ગુજરાત સરકાર ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
(૩) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
Dt. 19-08-2017

Scanned by CamScanner